


# સેતુ

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૬ અંક : ૧૦૩ જાન્યુઆરી - ૨૦૨૫**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## કેટલાક પ્રશ્નો અને એના ઉત્તરો

આજે કેટલાક સવાલો અને એના ઉત્તરો વિશે વાત કરીએ. આપણાં બધાના મનમાં એક પ્રશ્ન એ ઉઠતો હોય છે કે શાસ્ત્રો એટલે શું ? તો એનો ઉત્તર છે, આપણા પૂર્વજોએ પોતાના જીવન દરમ્યાન દર્શન, શ્રવણ, મનન અને ચિંતન દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, તે જ્ઞાન પ્રગટ કરતાં ગ્રંથો. આવા આપણા શાસ્ત્રગ્રંથો ક્યાં છે ? શ્રુતિ, સ્મૃતિ, સહિંતા અને પુરાણો એ આપણાં શાસ્ત્રગ્રંથો છે. "શ્રુતિ" એટલે શૈવ, શાક્ત, વૈષ્ણવ અને યોગ વિશે જ્ઞાન આપતા ઉપનિષદો. એની સંખ્યા એકસો આઠ છે. "સ્મૃતિગ્રંથો" એટલે જીવન જીવવા માટેના ધારાધોરણોનું જ્ઞાન આપતા ગ્રથો. એમની સંખ્યા પાંસઠ છે. ‘‘સહિંતાઓ’’ એટલે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ તથા આયુર્વેદ, ગાંધર્વવેદ જેવા ઉપવિભાગો, આ ત્રણેય શાસ્ત્રોમાં અનુક્રમે જ્ઞાન મીમાંસા, કર્મમીમાંસા અને ઉપાસના મીમાંસા છે.

આ બધા શાસ્ત્રોનો સાર શું છે ? આ બધા શાસ્ત્રોનો સાર એ છે એવું જીવન જીવો જેથી શ્રેયની પ્રાપ્તિ થાય છે. તો શ્રેય શું છે ? શ્રેય એટલે આપણા જીવનમાં કલ્યાણ કરવાનું. તો પ્રશ્ન છે આ શ્રેયની પ્રાપ્તિ કરવા માટે કોઈ સાધન છે ? તો ઉત્તર છે. ધર્મ સાધના અને આધ્યાત્મ સાધના. આ સાધનાઓથી જે કલ્યાણની પ્રાપ્તિ થાય, એ કલ્યાણનું રૂપ છે. ભગવાનની પ્રાપ્તિ, તો પ્રશ્ન છે ભગવાન એટલે કોણ ? ઉત્તર છે જેનામાં છ ભગ એટલે ઐશ્વર્ય હોય તે ભગવાન કહેવાય. આ છ ભગ (ઐશ્વર્ય) કયા છે ? ઉત્તર છે (૧) જ્ઞાન (૨) બળ (૩) ઐશ્વર્ય (૪) વીર્ય (૫) શક્તિ અને (૬) તેજ. તો પ્રશ્ન છે આ ભગવાનનો અવતાર થાય છે, એવું કેમ કહે છે ? ઉત્તર છે : કારણકે એમનું આ જગતમાં અવતરણ (નીચે આવવાનું) થાય છે. પ્રશ્ન છે : ભગવાનના અવતારનું પ્રયોજન શું છે ? ઉત્તર છે : એમના અવતારનું મુખ્ય પ્રયોજન છે જગતમાં ધર્મની અને સાદ્યરચિત લોકોના રક્ષણની અને ધર્મની પુનઃ સંસ્થાપનાની. તો પ્રશ્ન છે : ભગવાનના કેટલા અવતારો થયા છે ? ઉત્તર છે : વિષ્ણુ વિભુ છે અને આજ સુધીમાં તેના નવ અવતારો થયા છે. પ્રશ્ન છે : એ કયા કયા છે ? ઉત્તર છે (૧) મત્સ્ય (૨) વરાહ (૩) કુર્મ (૪) નરસિંહ (૫) વામન (૬) પરશુરામ (૭) રામ (૮) શ્રીકૃષ્ણ અને (૯) બુદ્ધ. તો પ્રશ્ન છે : આમાંથી કોઈ ભગવાન હયાત છે ? ઉત્તર છે : ના, કોઈ ભગવાન હયાત નથી. તો પ્રશ્ન છે : જો બધા ભગવાન સ્વધામ પધારી ગયા છે તો પછી ધર્મ કોને શરણે ગયો છે ? ઉત્તર છે : જો બધા ભગવાન સ્વધામ સંચર્યા પછી ધર્મ શ્રીમદ્ ભાગવતમાં શરણે આવેલો છે. તો પ્રશ્ન છે : શ્રીમદ્ ભાગવતમાં શું છે ? ઉત્તર છે : શ્રીમદ્ ભાગવતમાં જીવન અને મૃત્યુ બંનેમાં શ્રેય પ્રાપ્ત કરવાનું વિજ્ઞાન છે.

નૈમિષારણ્યમાં શૌનક વગેરે અનેક ઋષિઓએ શુકદેવજી સાથે વાર્તાલાપ કરતાં જે પ્રશશ્નો પૂછ્યાં હતા અને એમણે જે ઉત્તરો આપ્યા હતા તે ઉપર નોંધ્યા તે છે. આ પ્રશ્નોનો સંદર્ભમાં એમના બધા પ્રશ્નોના ઉત્તરો મળી રહે એ માટે શુકદેવજીએ એ બધાને ‘‘શ્રીમદ્ ભાગવત’’નું કથા શ્રવણ કરાવ્યું. શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધમાં મનુષ્ય પોતાના જીવનમાં અને મૃત્યુમાં નિઃશ્રેયસ કેવી રીતે પ્રાપ્ત કરી શકે એની કથો . માટે તેનું ભારતીય પ્રજાના જીવનમાં આટલું બધું અગત્યનું સ્થાન છે. ‘‘શ્રીમદ્ ભાગવત’’ના કથા શ્રવણથી જીવમાત્રની સદ્‌ગતિ થાય છે. માટે આપણા દેશમાં નિરંતર ભાગવત સપ્તાહ પારાયણ થતી રહે છે.

**ડૉ. નરેશભાઈ વેદ**

## માનવસેવાનું યાત્રાધામ - અશક્તાશ્રમ

આજે આપણે વાત કરીએ છીએ સંયુક્ત કુટુંબમાં દીકરા-દીકરી અને પૌત્રો સાથે રહેતા નિવૃત્ત સિનિયર સિટીઝનની. અત્યારના સમયમાં જનરેશન ગેપ દર ૫ વર્ષે અનુભવાય છે. ૬૦-૬૫ વર્ષ ઉપરની ઉંમરના સીનીયર સીટીઝનને જનરેશન ગેપની અસર વધારે વર્તાય છે. અત્યારનો જમાનો ટેલીવિઝન-મોબાઈલ-ગુગલ-ઈન્ટરનેટ અને હવે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનો આવી ગયો છે. આપણે આ બધાથી ટેવાયેલ નથી આપણી પાસે આવી આધુનિક ઈક્વિપમેન્ટ વિષે માહિતી નથી. આવા ઈક્વિપમેન્ટ હોય તો અપાણને તેના બધા ફીચર્સ આવડતા નથી. આજના ૬ થી ૧૦ વર્ષના પૌત્રી અને પુત્રોની સાથે બેસીએ ત્યારે આપણને ઈન્ફિયારિટી અનુભવાય છે. તો આવા સંજોગોમાં આપણે શું કરવું ? કેવી રીતે આપણું હવે પછીનું જીવન આનંદય અને સંતોષપૂર્વક વ્યતિત થાય ?

તેના માટે આપણા જેવા સમવયસ્કોની કંપની શોધવી અને તેમની સાથે અનુકુળતા પ્રમાણે હસી મજાકમાં સમય ગાળવો. આપણી તબિયત સારી હોય તો નિયમિત સવારમાં ચાલવા જવું. અનુકુળતા હોય તે મુજબ નાની-મોટી યાત્રાએ કુટુંબ અને મિત્રો સાથે જવું. ઉંમરની સાથે આવતી શારીરિક ઉણપને સ્વીકારીને તેની સાથે એડજસ્ટ થવું. આપણે પહેલા જે કામ કરી શકતા હતા તે ના કરી શકાય તો તેનો અફસોસ ન કરતાં તેના વિકલ્પ શોધી કાઢવા. અને સૌથી વધારે અગત્યનું પુત્ર-પુત્રવધુ તેમજ પૌત્રો અને પૌત્રીઓ સાથે મિત્રતા કેળવવી અને કુટુંબમાં ભારરૂપ ન થવું.

ઉપર જણાવેલ પરિસ્થિતિમાં દરેક સીનીયર સીટીઝન માટે અનુકુળ ના પણ હોઈ શકે. પતિ-પત્ની એકલા હોય, વિધુર હોય કે વિધવા હોય, આર્થિક અથવા શારીરિક રીતે પહોંચી વળે તેવા સંજોગો ના હોય તો તેવા વડીલોએ શું કરવું ? તેમણે વૃદ્ધાશ્રમમાં રહેવાની ગોઠવણ કરવી જોઈએ. તેના માટે વિકલ્પ છે અશક્તાશ્રમ.

ડાકોર. રાજા રણછોડરાયનું યાત્રાનું ધામ છે. દેશ-વિદેશથી યાત્રિકો ભગવાનના દર્શન માટે ડાકોર આવે છે અને ભગવાનના ચરણોમાં પોતાનું મસ્તક નમાવી પોતાની માનતા પૂરી કરે છે. આવા પ્રભુના ધામ ડાકોરમાં છેલ્લા ૪૩ વર્ષથી અવિરત માનવ અને સમાજ સેવા આપતું એક માત્ર યાત્રાધામ છે અને તે છે **‘‘શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ’’** અશક્તાશ્રમમાં સૌ વડીલો એક પરિવારમાં રહેતા હોય તેમ રહે છે. પ્રમુખ, ટ્રસ્ટીઓ, સ્વજનો અને કર્મચારીઓ આશ્રમમાં રહેતા આશ્રમવાસીઓની હૃદયપૂર્વક દરકાર લે છે. વર્ષ દરમ્યાન અનેકવિધ ઉત્સવો, ધાર્મિક તહેવારો, પ્રયોગો, પીકનીક વિગેરે વિગેરે કાર્યક્રમોથી આશ્રમવાસીઓનું જીવન ભર્યું ભર્યું રાખે છે. સૌને આનંદપૂર્વક જીવન જીવવાનો અનુભવ થાય છે.

તો આવો અશક્તાશ્રમમાં રહેવાનો અનુભવ લેવો હોય તો અમારા **એક્સપેરિમેન્ટલ લિવિંગના પ્રોગ્રામમાં જોડાઓ. એક્સપેરિમેન્ટલ લિવિંગની માહિતી સેતુના આ અંકમાં છેલ્લા પાને આપી છે.**

**ડૉ. નરેશ રમણલાલ શાહ**

# અશક્તાશ્રમના આશ્રયે

## આમને કોણ રાખશે ?

- ઉષા ચંદ્રવદન શાહ

નસીબની બલિહારી છે ભાઈ. કેટલા લોકોની દુનિયા જ જુદી હોય છે. આવા લોકો ઘરમાં ભારે પડવા લાગે છે. એ શું કામના ? છોકરી હોય કે છોકરો, મા હોય ત્યાં સુધી તેના માતૃત્વના બળે તે સચવાતા હોય પણ પછી ?... સંસારચક્ર ફરવા લાગે, નવા નવા પ્રશ્નો ઉમેરાતા જાય સાથે આ લોકોની કથા તો ઉભી જ હોય. હા...હા... એમના કોઈ તોફાન ન હોય. કોઈને અડચણરૂપ ન હોય, કોઈપણ પ્રશ્ન ઉભા કરતા ન હોય, પોતાના કામ પોતે જ કરતા હોય...પણ નોર્મલ ન લાગે, સમજ ઓછી હોય, ઉઠાડો તો ઉઠે અને બેસાડો તો બેસે. ધ્યેય વિહીન જીંદગી !!! ટુંકમાં તેમને પા...ળ....વા પડે.

અમુક સમય એવો આવે કે તેમને ઘરની બહાર સ્થાન મેળવવું પડે. કોઈના ભાઈ, કોઈની બહેન, કોઈની મા આવા લોકોને લઈને આવે. દાખલ થનાર એ ભાઈ કે બહેન રૂમમાં પ્રવેશ કરે ને તરત જ ખબર પડી જાય કે આ નોર્મલ નથી. નવા વાતાવરણમાં બેસે એટલે ડોળા આમ તેમ ફરવા માંડે. હાવભાવ બદલાય એ જોઈને આપણા નિરિક્ષણને ખાતરી મળે કે સાધારણ રીતે માનસિક રીતે પછાતને આપણે રાખતા નથી. ઘરના લોકોને તેમને અહીં ઠોકી બેસાડવા હોય એટલે ગોળ ગોળ વાતો કરે પણ તેમનાથી છેતરાઈને નહીં પણ અંદર પડેલી કરૂણાથી પ્રેરાઈને ''આમને બિચારાને કોણ રાખશે ?'' બસ રાખી લઈએ. આ છે અશક્તાશ્રમ.

મુંબઈથી એક બહેન આવી છે. તેનો કુર્તો બતાવીને કહે... જુઓ આ બેગમાંથી કાઢ્યો, કાલે જતીનનો ફોન આવ્યો. નવા કપડા મોકલ્યા છે તે પહેરજે પાછી. રાખી ના મૂકતી. અમે કહીએ વાહરે ભાઈ આ તો બહુ સરસ છે. ચાલ એક દિવસ અમને પહેરવા આપજે હો... ત્યારે પાછી એની કાલી કાલી ભાષામાં કહે... "અરે તમારાથી કાંઈ પહેરાતું હશે. તમને ના થાય કરીને હસે પછી અડધી જ મીનીટમાં હાથ કાન પર રાખીને જાણે ફોન કરતી હોય એમ બોલે. "જો મ્હેં નવા કપડા પહેર્યા હોં. પેલા જૂના હતા ને તે ધોવરાવીને અંદર મૂકી દઈશ હોં. અને હા જો તું ક્યારે આવે છે ? આવે ને ત્યારે રીક્ષા લઈને આવજે, રીક્ષા બહાર ઉભી રાખજે. મોટી બેગ તું લઈ લેજે અને હું નાની બેગ રાખીશ. વિ.વિ. ઘણું બોલે " એ બોલે ને બધા હસે, કેટલાક એને ગાંડી ગણીને મશ્કરી કરે, કેટલાકને જીવતું જાગતું, હસતું નાચતું રમકડું લાગે. કેટલાકને એની દયા આવે. કેટલાક એને તુછકારે. "જા આઘી જા" પણ આ બધાને પાસે બોલાવીએ સમજાવીએ અને ઠસાવીએ, એના માટેની સાચી ઓળખ આપીએ. પરિણામે એના પ્રત્યેનો સૌનો અભિગમ બદલાઈ ગયો છે.

જતીન એ આ બહેનના ભાઈનો દીકરો છે. ભાઈ ભાભી ગુજરી ગયા છે. ભત્રીજાએ ફોઈને ખાસ્સો સમય રાખ્યા. સમયઅનુસાર ફોઈને આશ્રમમાં રાખવા પડ્યા. દૂરથી પણ ફોઈની સારી એવી સંભાળ રાખે છે. આ ભત્રીજો આવીને જ્યારે વિનંતી કરે એને જ્યારે ખબર પડે કે હવે આ વિકટમાં છે ત્યારે એમ થાય કે... ''આને કોણ રાખશે ?'' અને અમે રાખી લઈએ. આ છે અશક્તાશ્રમ.

એક ભાઈ છે ગાંડો ન કહેવાય. પણ નોર્મલ પણ ન કહેવાય. એને બોલવા જોઈએ. કેટલાક એના ફિક્સ કામો, અશક્તાશ્રમમાં સવારે ૬-૨૫ કલાકે મંદિરમાં પ્રાર્થના શરુ થાય. ૬-૦૦ વાગે ખુરશીઓ મુકાવાની શરુઆત થાય. આ ભાઈ આવી જાય. પ્રાર્થના એને પૂરે પૂરી આવડે નહીં. પણ વચ્ચે વચ્ચે જે પણ લીટી કે જે પણ શબ્દો આવડે તે મોટેમોટેથી બોલવા લાગે. આરતી ઉતરી જાય પછી બીજા સૌને ખાસ આરતી આપવા પણ જાય. ઈસ્ત્રીના કપડા આપવા લેવા પણ જાય. સૌથી સરસ કામ જે જોવાનું મને બહુ ગમે છે તે સવારે જેવો ઠાકોરજીને થાળ ધરાય કે રસોડામાં જઈને ગાય માટે જે થાળી પીરસાઈ હોય તે લઈ આવે. પગ દુ:ખે છે એટલે થોડા લંગડાતા પગે, હસતા મોઢે ઉતાવળા પગે ડોલતા ડોલતા જાય. ગાય માતાને ખવડાવવાની તેમની હોંશ જોઈને મને તેમને નમવાનું મન થઈ જાય.ઘરમાં એની કોઈ કિંમત નહીં. મા બાપ ગયા. ભાઈ મુકવા આવ્યા. ''બિચારાને કોણ રાખશે'' અમે રાખી લીધા. આ છે અશક્તાશ્રમ.

એક ભાઈ ભણેલા ગણેલા લાંબા પહોળા જેમને હેન્ડસમ કહી શકીએ તેવા. પણ ગુમસુમ. એ પોતે, કોઈની સાથે વાત ન કરે અરે કોઈની સામે જુએ પણ નહીં. એ પોતે એમનો ખાટલો કાંતો બાંકડો અને હાથમાં ચોપડી. ના કોઈ પ્રશ્ન ના કોઈ માંગણી. કાંઈક કરવાનું કહો તો કરે. So far & No More.

એ ભાઈની વાત કંઈક આવી છે. ભાઈ એમ.એ. સુધી ભણેલા છે કોલેજકાળ દરમ્યાન કોઈ બહેનપણી સાથે પ્રેમ થયેલો, તેમની વર્તમાન પરિસ્થિતી જોતાં એમનો પ્રેમાલાપનો ગાળો લાંબો હશે તેવું લાગે છે. જાણવા મળ્યું કે એ છોકરીનું લગ્ન બીજે થઈ ગયું. કેમ ? તે આપણને ખબર નથી પણ આ ભાઈ ખુ... બ એટલે ખુબ નાસીપાસ થઈ ગયા. ડિપ્રેશનમાં ધકેલાઈ ગયા. બ...સ. બેસી રહે. નાના ઘરમાં ઠોયાની જેમ બેસી રહેતા - જગ્યા રોકતા આ ભાઈને ભાઈભાભી કયાં સુધી સાચવે ? એમનો સંસાર વધતો જાય તેમ તેમ પગમાં બેડીઓ વધતી જાય. એક બેડીમાંથી છૂટવા તેમના ભાઈ, આ ભાઈને લઈને આવ્યા. ઈન્ટરવ્યુમાં આ ભાઈ તો કશું બોલે નહીં. ભાઈએ જ ઈન્ટરવ્યુ આપ્યો. એમણે જે કહ્યું તે અમે સાંભળ્યું. બે-ત્રણ આશ્રમોમાં દાખલ કરવા પ્રયત્ન કર્યો હશે પણ કોઈએ રાખ્યા નહીં હોય. "પણ આ બિચારાને કોણ રાખશે" ચંદ્રવદનભાઈના કરુણાસભર હૃદયે રાખી લીધા. આ છે અશક્તાશ્રમ.

ડગલું ડગલું ભરતા આ ભાઈની વાત સાંભળો. કેમ એમની આવી પરિસ્થિતિ હતી તે ખબર નથી. આ ભાઈને તેમના ભાઈ અને ખુદ તેમની માં મુકવા આવેલા. મૂકીને ગયા. ભાઈ ઉદાસ રહે. થયું કે સ્વાભાવિક છે શરુઆતમાં સૌને આવું થાય. એમને કોઈને કોઈ કામમાં પરોવવાનું નક્કી કર્યું. ચાલવાનું તો એમનું કામ નહીં પણ બેસીને તો કરી શકે ને ? તેમને બારણે બેસાડ્યા હાથમાં નોટ અને પેન આપ્યા. આશ્રમ બહાર જતા વૃદ્ધોનાના નામ સમય, શામાટે જાય છે અને પાછા ફર્યાની વિગતો લખવાનું કામ સોંપવામાં આવ્યું. ભાઈ ખૂબ રસપૂર્વક કામ કરવા લાગ્યા. ઘણા બધા સાથે બોલવાનું, બોલતા થઈ ગયા, વાતો કરતા થઈ ગયા.

એક દિવસ ચંદ્રવદનભાઈ સાથે વાત કરતા કહે છે કે"કાકા મને જ્યારે અહીં મૂકવા આવ્યા ત્યારે મને ખબર નહોતી કે આ લોકો મને વૃદ્ધાશ્રમમાં મૂકવા જઈ રહ્યા છે.'' સાહેબ !! મારી મા ખુદ મને અહીં નાખી ગઈ. એ ઘરમાં હવે કદી પગ નહીં મુકું. ચંદ્રવદને એમને શાંત પાડ્યા. બે-ચાર દિવસ પછી તેમને સખત તાવ આવ્યો. અને બાઓને ખબર પડી તેમની પાસે જઈ તેમને બરફના પોતા મૂક્યા. આખું શરીર ઠંડા પાણીના ટોવેલ થી લુછ્યું. ભાઈ બિચારા સંકોચાય. બા કહે : ''જો ભાઈ જરાય સંકોચ ન રાખશો. અમે તમારી મોટી બહેનો છીએ.'' તેમના સાથે હાથ પંપાળવા લાગ્યા. **જ્યાં ખૂદની માનો હાથ ફરતો હોય ત્યાં.. અશક્તાશ્રમની બાઓના હાથ ફરતાતા !** આ છે અશક્તાશ્રમ. કમનસીબે પણ પછીથી હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. ત્યાં જ ગુજરી ગયા. **ઘરમાં પગ પણ ન મૂક્યો તો ના જ મુક્યો.**

આપણા ટ્રસ્ટી શ્રી નટુભાઈ કહે છે કે **''અશક્તાશ્રમ એ છાપરૂં નથી પણ છત્ર છે આ છત્ર નીચે આમને કોણ રાખશે ?''** એમને આપણે રાખ્યા. અશક્તાશ્રમનું નામ સાર્થક થયું.

# સંસ્થા સમાચાર

**- કે. બી. શાહ**

### સર્વ પિતૃ શ્રાદ્ધ

ભાદરવા વદ અમાસ શ્રાદ્ધ પક્ષમાં પંદર દિવસ દરમ્યાન મૃતક કોઈને કોઈ પૂર્વજના શ્રાદ્ધ આવે. જેની પૂર્ણ માહિતી હોઈ દરેક માટે અસંભવ છે. તેથી જાણે અજાણે જેનું શ્રાદ્ધ ન થઈ શક્યું હોય તેમના માટે એક શ્રાદ્ધ એટલે અમાસ સર્વપિતૃ તર્પણ શ્રાદ્ધ. વર્ષોથી આ પરંપરાનો પ્રારંભ પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈએ પ્રારંભ કરાવ્યો. આશ્રમમાં જે તે વર્ષ દરમ્યાન આશ્રમવાસી વૃદ્ધ ગુજરી ગયા હોય તેમને તથા ટ્રસ્ટીગણના પૂર્વજોને ખાસ કરીને યાદ કરીને તેમના ફોટા પણ મૂકી પંડિત બ્રાહ્મણ સાથે વિધિ વિધાન સાથે શ્રાદ્ધ ક્રિયા સૌ ટ્રસ્ટીગણ, સ્વજન, કર્મચારીગણ આશ્રમવાસીની વિશાળ હાજરીમાં આ પવિત્ર કાર્ય સંપન્ન થયું. મેનેજર શ્રી ભાઈ પૂનિત આ વિધિમાં બેઠા હતા સૌએ સ્વાસ્થ્ય વડીલોને શ્રદ્ધાથી શ્રદ્ધાંજલિ અર્પી.

### નવરાત્રી

ગુજરાતની ઓળખ એટલે ગરમ ચા અને ગરબો. રૂમઝૂમ કરતી નવરાત્રી આવી પહોંચી. આશ્રમવાસી ભાઈઓ પણ તેમનાથી વધુ બાઓ માતાજીને રીઝવવા નવે દિવસ ખૂબ આનંદ ઉલ્લાસથી ગરબે રમ્યા. ગરબા પછી રોજ નીત નવી વાનગીઓનો અલ્પાહાર તો હોય જ. ભાઈશ્રી પૂનિત અને પિન્કી ને કારણે સૌ ગરબામય બની રહ્યા. ક્યાં નવ દિવસ પસાર થઈ ગયા ખબર જ ન પડી. દશેરા સૌએ રાવણ દહન આસુરી વૃત્તિ ઉપર સાત્વિક દૈવી વૃત્તિનો વિજયદિવસ એટલે વિજયાદશમી. પરંતુ સૌની માંગ તો ફાફડા અને જલેબી જ હોય. વણલિખીત પરંપરા, તહેવારમાં નવો વ્યવહાર, પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈએ ફાફડા-જલેબી તો મારા તરફથી જ હોય. તેવો આગ્રહ રાખ્યો. સૌએ આનંદ માણ્યો.

### શરદ પૂનમ

શરદ પૂનમની રાતડી, વ્હાલો વગાડે રૂડી વાંસડી, શરદ પૂનમ ચંદ્ર સોળે કળાએ ખીલેલ હોય. શરદનો મંદ મંદ પવન લહેરાતો હોય, દૂધપૌઆં-બટાકાવડાની લહેજત ઉજવાતી હોય. આખું વાતાવરણ કૃષ્ણની રાસ લીલાને યાદ કરાવે. દાંડીયારાસ થયા. પ્રાસંગીક ફિલ્મી ગીતના ભળતા રાસ ઢાળથી સૌ હરખભેર નાચ્યા કૂદ્યા. એકજ સૂર... મજા આવી... મજા આવી.... પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈએ સારા રાસ નૃત્ય ગરબા કરો.તેના માટે સ્પર્ધા પણ મૂકી ને ત્રણ ઈનામ આશ્રમવાસી કર્મચારી ગણ માટે ખૂલ્લા મુક્યા. શ્રી કેબીશાહ અને શ્રી રાજુ ભટ્ટ નિર્ણાયક બન્યા. તેમના નિર્ણય પણ એક સરખા. સૌને સંમત ઠર્યા.

### ધાન દાન પ્રયોગ - ૩૬

તા. ૨૩-૧૦ ગામડાના તા. ૨૪-૧૦ ડાકોરના જરુરીયાતમંદ નિયત કરેલ લાભાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા. ધાન-દાન સીસ્ટમ હવે સૌથી પરિચિત થઈ ગઈ હોઈ ખૂબ સમયસર ધાનદાન વિના વિઘ્ને બંને દિવસ પૂર્ણ થયા. દિવાળી નજીક હોઈ મીઠાઈ, કીટમાં પાંચ કિલો બાજરી, બે કિલો ચોખા, બે કિલો છોડા મગદાળ, બે કિલો મોરસ, એક લીટર તેલ, બસો ગ્રામ મરચું, બસો ગ્રામ હળદર, અઢીસો ગ્રામ ચ્હા, અમૂલ મોતીચુર અઢીસો ગ્રામ, શ્રી ચંદ્રવદનકાકા તરફથી સ્વેટર અને રીક્ષામાં જવાના રૂા. ૧૦ આપવામાં આવ્યા

### દિવાળી

પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈ અને સુશ્રી ઉષાબેનની કાયમી હાજરીને કારણે તેમના સતત માર્ગદર્શનને કારણે હવે તો બારેમાસ દિવાળી જેવો માહોલ રચાતો જાય છે. દિવસો ક્યાંના ક્યાં પસાર થઈ જાય છે ખબર પડતી નથી. ધનતેરસ ધનપૂજા, દિવાળી ચોપડાપૂજન અને બેસતા વર્ષે અન્નકૂટ. આશ્રમવાસી બાઓ એ સ્વહસ્તે સ્નેહપૂર્વક જુદી જુદી વાનગીઓ બનાવવામાં પોતાની બધી જ આવડત નીચોવી દીધી. કુલ મીઠાઈ ૫૬ ભોગ રાધાકૃષ્ણ સન્મુખ ગોઠવાઈ, સ્વજનોએ અન્નકૂટમાં જે પ્રાસંગીક ભજનો શોધી શોધી લાવીને ગાયા. સાંભળી સૌના મોમાં પાણી તો છૂટે, પરંતુ થાળ આરતી થયા પછીની રાહ તો જોવી જ પડે ને? હવે તો સ્વચ્છતા અભિયાન અને છોડમાં રણછોડ સક્રિય સેવાભાવી શ્રી શૈલેષભાઈ શાહ, શ્રી દિલીપભાઈ શાહ (એગ્રોવાળા) એ.કે. શાહ, સ્વજનો મળ્યા છે. તેમની હાજરી પ્રસંગને વધુ આનંદમય બનાવે છે. બેસતા વર્ષના દિવસે સૌ આશ્રમવાસીઓ, સ્વજનો, કર્મચારી ગણ, શ્રી પૂનિત પ્રમુખ શ્રી ચંદ્રવદનભાઈ અને સુશ્રી ઉષાબેનને જયશ્રી કૃષ્ણ જયશ્રી કૃષ્ણના નારાથી આશ્રમને ગજાવી દીધો. પરસ્પર સૌને નૂતનવર્ષના હૃદયથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. મોં મીઠા કર્યા

### રજત જયંતિ વર્ષ

અશક્તાશ્રમ અને વડીલ શ્રી ચંદ્રવદનભાઈના માનસુપુત્ર તથા આશીર્વાદ એવા સંકુલ ટ્રસ્ટને ૨૪ વર્ષ પૂર્ણ થતાં સૌ ટ્રસ્ટીગણે શુભેચ્છાઓ પાઠવી. આશ્રમના કાર્યકરોને બિરદાવવા અને પ્રોત્સાહિત કરવા પચ્ચીસ વર્ષ માટે પ્રમુખશ્રીએ રૂા. ૨૫૦૦૦ તથા ટ્રસ્ટી શ્રી જયભાઈ ત્રાલસાવાળાએ રૂા. ૨૦૦૦૦નું દાન કર્યું. કે બી શાહ, શ્રી શૈલેષભાઈ શાહ, શ્રી દિલીપભાઈ શાહે દાતાઓનો હૃદયથી આભાર માન્યો.

### ડૉ. નરેશભાઈના જન્મ દિવસની ઉજવણી

પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈનો જન્મ દીન જે ઠાઠથી ઉજવાય છે તેવો ઉપપ્રમુખશ્રી ડૉ. નરેશભાઈનો જન્મ દિવસ તા. ૩૦-૧૧-૨૦૨૪ના રોજ ખૂબજ ઉમંગ અને ઉલ્લાસના વાતાવરણમાં ઉજવાયો. ડૉ. નરેશભાઈને પોતાની લાગણી વ્યક્ત કરવા હારબંધ સૌ ફૂલછડીઓ, ઉપરણા અને સાલો લઈને ઉભા હતા. જન્મદિવસ કેમ સારી રીતે ઉજવાય તેની પૂર્વ તૈયારી અશક્તાશ્રમના પરિવારના સૌ સભ્યોએ કરવા માંડી હતી. નરેશભાઈ પણ ક્યાં પાછા પડે તેમ ન હતા. નરેશભાઈએ રાજા રણછોડરાયના મંદિરનો રાજભોગ પ્રસાદ સૌ ડાકોર નિવાસી સ્વજનો, ટ્રસ્ટીઓ અને આશ્રમવાસીઓને જમાડ્યો. **''બાર બાર દિન યે આએ''** નાગીતોથી આશ્રમનું વાતાવરણ ભાવવિભોર થઈ ગયું. નરેશભાઈએ લાગણી-સભર થઈ સૌનો ખૂબ ખૂબ આભાર માન્યો. ચંદ્રવદનભાઈ અને ઉષાબેન પણ નરેશભાઈને અંતરના આશીર્વાદ આપ્યા.

નરેશભાઈના આમંત્રણને માન આપી સર્વે ટ્રસ્ટીઓ શ્રી ગીરીશભાઈ, શ્રી ઉદયભાઈ, શ્રી કિરણભાઈ અને શ્રી સંજયભાઈ હાજર રહ્યા હતા.

નરેશભાઈના ડેન્ટલ સર્જન મિત્રો અને તેમની પત્નીઓ કે જેઓ છેલ્લા ૫૮ વર્ષથી તેમની મિત્રતાથી જોડાયેલા છે તેઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. અને નરેશભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

આશ્રમ હંમેશા તેના રંગરોગાન જરુરી ઉપયોગી આશ્રવાસીઓ માટે બાંધકામ હવે તો તેની કાયાકલ્પ થઈ રહી છે. નવા જ ગાર્ડનની તૈયારીઓ ચાલી રહી છે. શ્રી પરેશભાઈ શાહ (છોડમાં રણછોડ ગ્રુપ)ના મુખ્ય કાર્યકરની દિશા સૂચન મુજબ અજયગાર્ડન જોઈ ગાર્ડનનો જયજય કાર થયો. સૌના કંઠે વાહ વાહની આહ સાંભળવા મળશે તેવી તૈયારી ચાલી રહી છે.

ધાનદાન માટે ટ્રસ્ટીગણે એક નવો અભિગમ અપનાવ્યો છે. જે નજીકના ગામડા જે સેવાથી વિમુખ રહી ગયા છે તેમનો સમાવેશ કરવો તથા નાની ઉંમરની વિધવાઓને અને જરુરીયાતમંદ હોય તેવી વિધવાઓને ધાનદાનનો જાન્યુઆરીમાં લાભ મળે તેવા આયોજન થઈ રહ્યા છે. આશ્રમની સુવાસ ચોતરફ રેલાઈ જશે એક સારો પ્રતિસાદ સમાજમાંથી મળશે.

શ્રી ચંદ્રવદનભાઈ અને સુશ્રી ઉષાબેન હવે ડાકોરનાજ અને આશ્રમના જ થઈ ગયા છે. તેથી નીત નવા પ્રયોગોની વિચરાણાઓ ચાલી રહે છે. તેમના આર્થિક સહયોગથી છોડમાં જ રણછોડની પ્રવત્તિઓ ખૂબજ હિંમત મળતી રહી છે. સ્વચ્છતા અભિયાનના નામ રુપે દર અગિયારસ અને શુક્રવારે ડાકોરના ઠાકોર શ્રી રણછોડરાયજીના બાલ સ્વરુપ ગોપાલલાલની સવારી મોટા મંદિરથી લક્ષ્મીજી વરઘોડા રુપે જાય છે. સવારીના સમય પહેલા આ પવિત્ર માર્ગ ઉપર સ્વચ્છ પ્લાસ્ટીક મુક્ત બની રહે તે પ્રોજેક્ટમાં ખૂબ સર્જનતા મળવા માંડી છે.

ધીમે ધીમે ડાકોરમાં એક નવું વાતાવરણ ખડું થઈ રહ્યું છે. સ્મશાનમાં પણ ગેસ સ્મશાનનો પ્રારંભ થશે ત્યારે લાકડા અને માનવ કલાકોનો ખૂબજ બચાવ થશે. જેની ક્રેડીટ આશ્રમને જ જવાની છે.

અશક્તાશ્રમના પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈની લાડકી દીકરી શ્રીમતી આરતીબેન અને જમાઈશ્રી ભાવેશભાઈની તા. ૧૪-૧૨-૨૦૨૪ના રોજની લગ્નતિથી નિમિત્તે અશક્તાશ્રમના પરિવારના સભ્યોએ હૃદયના આશીર્વાદ પાઠવ્યા છે.

-વિનોદ ઠાકર (સંવાહક-પ્રાર્થના પરિવાર)

## માનવીય મૂલ્યોનું જતન કરીએ

બૃહદારણ્યક ઉપનિષદમાં એક વાર્તા આવે છે. એકવાર દેવો, દાનવો અને મનુષ્યો પોતાના પરમપિતા પ્રજાપતિ બ્રહ્મા પાસે વિદ્યાભ્યાસ કરવા માટે એક સાથે ગયા હતા. નિયમોની મર્યાદામાં બ્રહ્મચર્ય પાળી એમની સેવા કરવા લાગ્યા. પ્રજાપિતાએ પણ પોતાની ફરજ સમજી તેમની જીજ્ઞાસા મુજબ વિદ્યાભ્યાસ કરાવ્યો.

એકવાર દેવોએ બ્રહ્માજી પાસે જઈને વિનયપૂર્વક કહ્યું અમને ઉપદેશ કરો. પ્રજાપિતાએ ઉપદેશમાં એકમાત્ર "દ" અક્ષરનું ઉચ્ચારણ કર્યું. દેવો આ એક અક્ષરના ઉપદેશ ઉપર વિચાર કરવા લાગ્યા. બ્રહ્માજીએ તેમે બોલાવીને પૂછ્યું. આ મારા ઉપદેશનો તમને કોઈક અર્થ સમજાયો છે ? દેવોએ જવાબ આપ્યો હા, અને પૂણ્ય પ્રતાપે દેવયોનિ પ્રાપ્ત કરી છે. એટલે અમોને કોઈ વાતે દુઃખ નથી. અમે મન ફાવે તેમ સુખોપભોગ કરી શકીએ છીએ. અમે વાતમાં ઘણી વાર સંયમ રાખ્યા સિવાય માત્ર ઈન્દ્રિય સુખમાં રચ્યાપચ્યા રહીએ છીએ એટલે આપશ્રીએ અમોને "દ"ના ઉપદેશ દ્વારા દમન કરવાનું કહ્યું છે. બ્રહ્માજીએ તેમના આ અર્થઘટનને સમર્થન આપ્યું.

એકવાર દાનવોએ પણ ભેગા મળી પ્રજાપિતા દક્ષને ઉપદેશ માટે વિનંતી કરી. પ્રજાપિતાએ તેમને પણ "દ"નો જ ઉપદેશ આપ્યો. દાનવોને પણ પ્રજાપિતાએ ઉપદેશની ચોખવટ માંગી. દાનવોએ વિચાર કર્યો. અમારો સ્વભાવ હિંસક છે. અમે કોઈનું સહન કરી લેતા નથી એટલે અનુક્રમણ કરવાનું અમે શીખ્યા જ નથી. અન્યને વિના કારણે પરેશાન કરવાનું પણ અમે ક્યારેર્ય ચૂકતા નથી. એટલે આપશ્રી "દ"ના ઉપદેશ દ્વારા અમોને "દયા" રાખવાનુ કહ્યું છે.

થોડાક વખત પછી પ્રજાપિતા બ્રહ્મા પાસે માનવોએ પણ તેમને માટે જે યોગ્ય હોય તેવા ઉપદેશની ઈચ્છા વ્યક્ત કરી. માનવોને પણ પ્રજાપતિ એ "દ"નો જ ઉપદેશ આપ્યો.

માનવોએ પણ તેમને વિવેક બુદ્ધિથી જવાબ આપ્યો. અમે સંપત્તિ મેળવીને અમારા સુખોપભોગમાં વાપરીએ છીએ એટલે અમે "દ"નો ઉપદેશ દ્વારા દાન માટે સૂચન કર્યું છે.

માનવ જ એક એવી યોનિ છે જેમાં દેવ અને દાનવ પણ બેઠેલા હોય છે. ક્યારે કોના પ્રભાવમાં આવે તે નક્કી નથી. પરંતુ સંતોએ માનવી ને માનવ તરીકે રહેવાનો ઠેરઠેર ઉપદેશ કરેલ છે. આજે માનવતા મરી પરવારી છે. તેવું ઘણા ચિંતકોનું તારણ છે. અને તેથી જ કવિઓ ઉપદેશકો અને ચિંતકોએ માનવી માનવ થાય તોયે ઘણું છે તેવો બળાપો વ્યક્ત કરી છે.

આજે ગમે તે અવસ્થામાં તમે હોવ ગમેતે પરિસ્થિતિમાં હોવ પણ માનવતા કોરાણે ન મુકાવી જોઈએ. માનવતા શું છે દરેકને ખબર હોય છે. કોઈનું બુરું ન ઈચ્છવું જોઈએ, કોઈની ઈર્ષ્યા અદેખાઈ ન કરવી. કોઈના ભલા માટે જે થાય તે કરી છુંટવું એ માનવતાની મહેંક છે.

અશક્તાશ્રમના સંચાલકો માનવતાના મૂલ્યોના જતન અર્થે જ સંસ્થાને સાચવી રહ્યા છે. તેમના હૃદયમાં બેઠેલો દેવ જ આવા શુભકાર્યમાં સતત પ્રવૃત્તિશીલ છે. લાભાર્થીઓ એ વાતને લક્ષમાં રાખીને તેમને બધા જ સંજોગોમાં સાથ અને સહકાર આપી માનવીય ગુણોનું સંવર્ધન કરવું જ રહ્યું. માનવતાને નેવે મૂકીને આપણે આપણું જ અહિત કરીએ છીએ. તો અન્યનું ભલું કરવાની વાત જ અપ્રસ્તાવિક બની જાય છે.

આપણે સૌ સાથે મળીને ઠેરઠેર માનવતાની મહેંક પ્રસરાવીએ તો સ્વર્ગમાં જવાની જરૂર નહીં પડે જ્યાં છો ત્યાં જ સ્વર્ગ ખડું થઈ જશે તેમાં સહેજ પણ શંકા રાખવાની જરુર નથી.

### અશક્તાશ્રમમાં ૭ દિવસ રહેવા અને અનુભવ લેવા માટેની સગવડ

**(EXPERIMENTAL LIVING - 3)**

આથી જણાવતા આનંદ થાય છે કે અશક્તાશ્રમમાં થોડા સમય માટે રહેવા ઈચ્છુક વડીલોને માટે અશક્તાશ્રમે એક નવી સુવિધા ઉભી કરી છે જે વડીલો અત્યારે અશક્તાશ્રમમાં રહેતા નથી પરંતુ તેમને થોડા દિવસો માટે આશ્રમમાં રહેવું હોય અને અશક્તાશ્રમની ગતિવિધિથી માહિતગાર થવું હોય તો અશક્તાશ્રમ નીચે જણાવેલ દિવસોમાં રહેવાની સગવડ કરી છે.

તા. ૭-૧-૨૦૨૫ ને મંગળવારથી તા. ૧૩-૧-૨૦૨૫ સોમવાર સુધી (૭ દિવસ)

**રજીસ્ટ્રેશન ચાર્જ : ૭ દિવસના રૂા ૧૦૦૦/- (એક હજાર પૂરા)**

આશ્રમવાસીઓને જે કોઈ સગવડ મળે છે તે બધી જ સગવડ આવનાર વડીલોને મળી રહેશે. જેવી કે

૧. સવારના ચ્હા અને નાસ્તો, સવારનું જમણ, બપોરની ચ્હા અને રાતનું જમણ

૨. આ ઉપરાંત અશક્તાશ્રમમાં જે પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં તેઓ ભાગ લઈ શકશે.

જે ભાઈઓને અને બહેનો આ સગવડનો લાભ લેવો હોય તેમણે અશક્તાશ્રમના મેનેજર શ્રી પૂનિતભાઈ ખંભોળજાનો નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર **તા. ૩૦-૧૨-૨૦૨૪** સુધીમાં સંપર્ક કરવો.

**પૂનિતભાઈ મો. ૯૯૯૮૦૨૨૦૪૩**

**Book Packet - Printed Book**

પ્રતિ શ્રી

**પ્રેષક :**

**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,

ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦